# મમતાનો પ્રણવ મુખર્જીને ટેકો

નવીદિલ્હી, તા.૧૭

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસનાં વડા મમતા બેનર્જીએ આજે યુ-ટર્ન લઈને યુપીએનાં રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર પ્રણવ મુખર્જીને ટેકો આપવાનો છેલ્લી ઘડીએ નિર્ણય કર્યો હતો. રાષ્ટ્રપતિની ચૂંટણી આડે ગણતરીનાં કલાકો બાકી છે ત્યારે છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ જાળવી રાખ્યા બાદ અંતે પ્રણવને ટેકો આપી યુપીએની છાવણીમાં રાહતનું મોજુ ફેલાવી દીધું છે. મમતા બેનર્જીએ આજે કહ્યું હતું કે, તેમની પાર્ટી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખર્જીને ટેકો આપશે. ટીએમસીનાં સાંસદો અને ધારાસભ્યો સાથે બેઠક યોજ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતાં મમતાએ કહ્યું હતું કે, પાર્ટીએ પ્રણવને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે કારણ કે અન્ય કોઈ વિકલ્પ રહ્યો નથી. જોકે મમતા બેનર્જીએ કહ્યું છે કે, યુપીએમાં રહીને સરકારની ચોક્કસ નીતિઓ સામે વાંધો ઉઠાવવામાં આવશે. તેમણે કહ્યું છે કે, ટીએમસી પ્રણવને ટેકો આપવાને લઈ ખુશ નથી. પ્રણવને ટેકો





આપવાનો નિર્ણય સંતોષજનક નથી પરંતુ લોકશાહી સિદ્ધાંતોને જાળવી રાખવાનાં હેતુસર આ નિર્ણય લેવામાં આવી રહ્યો છે. મમતાએ કહ્યું હતું કે, અમે આ વિકલ્પ અપનાવી રહ્યા છે, કોઈને ખુશ કરવાનાં હેતુસર પ્રણવને ટેકો આપવાનો નિર્ણય કર્યો નથી. લોકશાહીમાં જો અમે મતદાન કરીશું નહીં તો લોકો સાથે વિશ્વાસઘાત હશે. જોકે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનાં સંબંધમાં મમતાએ સસ્પેન્સ યથાવત્ રાખીને અટકળોનો દોર યથાવત્ રાખ્યો છે. મમતાએ કહ્યું હતું કે, યુપીએનાં ઉમેદવાર હામિદ અંસારી અંગે નિર્ણય લેવા આડે હજુ ઘણો સમય છે. મમતાનું કહેવું છે કે, તેમનાં રાજકીય કેરિયરમાં પ્રણવ મુશ્કેલ તબક્કામાંથી નીકળી રહ્યા છે ત્યારે અમે તેમની સાથે છીએ. મમતાનું વલણ બિલકુલ યુ-ટર્ન સમાન છે કારણ કે મમતાએ અગાઉ પ્રણવને ટેકો નહીં આપવાનો નિર્ણય કર્યો હતો. રાષ્ટ્રપતિનાં ઉમેદવાર તરીતે પ્રણવનાં નોમિનેશન મામલે યુપીએ છોડી દેવા કોંગ્રેસનાં કેટલાંક સભ્યોએ મમતાને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મમતાએ ત્રણ નામ એપીજે અબ્દુલ કલામ, મનમોહનસિંહ અને સોમનાથ ચેટર્જીનાં નામ પસંદ કર્યા હતાં. આ ત્રણમાંથી કોઈ એકને રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર બનાવવા તૈયારી બતાવી હતી પરંતુ છેલ્લી ઘડીએ મુલાયમે મમતાન સાથ છોડી દીધો હતો જેથી આ બંને વચ્ચે પણ ખેંચતાણની સ્થિતિ સર્જાઈ હતી. પ્રણવને ટેકો આપવાનાં મમતાનાં નિર્ણયને રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે પરંતુ મમતાનાં પક્ષનાં લોકોનું કહેવું છે કે, અન્ય કોઈ વિકલ્પ નહીં હોવાથી આ નિર્ણય લેવાયો છે.




ફરીદાબાદ ખાતે કોલેજ સ્ટુડન્ટ્સ દ્વારા 'ગૂડ લક' લખેલાં પ્લે-કાર્ડ્સ દ્વારા લંડન ઓલિમ્પિક્સમાં ભાગ લેવા જઈ રહેલા ખેલાડીઓ પ્રત્યે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## સુનિતા આઇએસએસ પહોંચતા રાહતનું મોજુ

હ્યુસ્ટન, તા.૧૭

ભારતીય અમેરિકી અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સ અને અન્ય બે સાથી અંતરિક્ષયાત્રીઓ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ કેન્દ્રમાં પહોંચી ગયા છે. રશિયન અંતરિક્ષયાન આજે આંતરરાષ્ટ્રિય અંતરિક્ષ કેન્દ્ર સાથે જોડાય જતા રાહત થઈ હતી. નાસાના ૪૬ વર્ષીય અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સ, રશિયાના સોયૂઝના કમાન્ડર યૂરી મલેનચેનકો અને જાપાની એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સીના ફ્લાઈટ એન્જિનિયર હોશિદે બે દિવસોથી અંતરિક્ષની પરિભ્રમણ કક્ષામાં રહ્યા બાદ આજે આઈએસએસમાં પહોંચ્યા હતા. નાસાએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે ત્રણેય અતંરિક્ષયાત્રી પોતાના સોયુઝ ટીએમ-૦૫ અંતરિક્ષયાનને ભારતીય સમય મુજબ ૧૦.૨૧ વાગે આઈએસએસના રોસ્વેટ મોડ્યુલ સાથે જોડી દેતા વૈજ્ઞાનિકોને મોટી રાહત થઈ હતી. આ ત્રણેય ૧૫મી જુલાઈના દિવસે ચાર મહિનાના મિશનના હેતુસર આઈએસએસ માટે રવાના થયા હતા. સુનિતા વિલિયમ્સ બીજી વખત અંતરિક્ષયાત્રામાં પહોંચ્યા છે. આ અગાઉ સુનિતા વિલિયમ્સ ૧૯૫ દિવસ સુધી અંતરિક્ષમાં રહી ચુકી છે. કોઈપણ મહિલા અતંરિક્ષયાત્રીઓની આ સૌથી લાંબી રેકોર્ડ યાત્રા છે. ત્રણ સભ્યોની ટીમ નવેમ્બરના મધ્યમાં પરત ફરશે.

## ભ્રષ્ટાચાર સામે અણ્ણા અને રામદેવ ફરી આંદોલન છેડવા તૈયાર

નવીદિલ્હી, તા.૧૭

યોગગુરૂ બાબા રામદેવે કાળા નાણાં અને ભ્રષ્ટાચારને રોકવા અસરકારક પગલાં લેવામાં નિષ્ફળતા બદલ કેન્દ્રની ઝાટકણી કાઢવા સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે સાથે ફરી હાથ મિલાવ્યા છે. બાબા રામદેવ અને અણ્ણા ૯ ઓગસ્ટથી રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવાનાં મૂડમાં દેખાઈ રહ્યા છે. સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા યોગગુરૂમાંથી ભ્રષ્ટાચાર વિરોધી ચળવળકાર બની ગયેલાં રામદેવે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર સામે કઠોર પગલાં લેવાની માંગણી કરીને ૯ ઓગસ્ટથી રાષ્ટ્રવ્યાપી આંદોલન છેડવામાં આવશે.



મજબૂત લોકપાલ બિલ પાસ થાય તેવા પ્રયાસ કરાશે. તેમણે ઉમેર્યું હતું કે, સરકારે લોકપાલ મામલે વિશ્વાસઘાત કર્યો છે. લોકપાલ બિલને લઈને સરકાર ભયભીત કેમ છે. કાળા નાણાંને સ્વદેશ પરત લાવવા કેમ પગલાં લેવાઈ રહ્યા નથી. અડધાથી વધુ પ્રધાનો ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાથી પગલાં લેવાઈ રહ્યાં નથી. જો મજબૂત લોકપાલ બિલ આવશે તો આ પ્રધાનો જેલ ભેગા થવું પડશે. રામદેવે કહ્યું હતું કે, અણ્ણા હજારે આંદોલનનું નેતૃત્વ કરશે. રામદેવને ટેકો આપતાં અણ્ણાએ કહ્યું હતું કે, સાથે મળીને ભ્રષ્ટાચાર સામેની લડાઈ લડવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં અણ્ણાએ જોરદાર સમર્થન દેશભરમાં મેળવ્યું હતું જેનાં લીધે યુપીએ સરકારને ઝુકી જઈને લોકપાલ બિલ લાવવાની ફરજ પડી હતી.

## અમરનાથ યાત્રામાં વધુ પાંચ શ્રદ્ધાળુઓના મોત

જમ્મૂ,તા. ૧૭

અમરનાથમાં શ્રદ્ધાળુઓનો મોતનો આંકડો દિન પ્રતિદિન વધી રહ્યો છે. વધુ પાંચ શ્રદ્ધાળુઓના મોતની સાથે જ મોતનો આંકડો વધીને ૮૩ ઉપર પહોંચી ગયો છે. યાત્રીઓના મોતના આંકડાને લઈને માત્ર અમરનાથ મંદિર બોર્ડ જ નહી બલ્કે કેન્દ્ર સરકાર પણ ચિંતિત બની ગઈ છે. અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓના મોટી સંખ્યાના મોતની સુપ્રિમ કોર્ટે પણ નોંધ લીધી છે. અમરનાથ યાત્રા દરમિયાન તબીબી વ્યવસ્થા અને અન્ય સુવિધાઓ અંગે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર અને જમ્મૂ કાશ્મીર પાસે જવાબ માંગ્યો છે. જસ્ટીસ બીએસ ચૌહાણ અને જસ્ટીસ સ્વતંત્રકુમારની બનેલી બેંચે અખબારોમાં પ્રકાશિત થયેલા અહેવાલોના આધાર ઉપર કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે. કોર્ટે કહ્યું છે કે અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓના મોતના વધતા જતા આંકડા અંગે દેશના લોકો માહિતી મેળવવા ઈચ્છે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારને એક સપ્તાહમાં જવાબ આપવામાં આવ્યું છે. અમરનાથ યાત્રા દરમિયાન ૮૩ શ્રદ્ધાળુઓના મોત થઈ ચુક્યા છે. અમરનાથ ગુફામાં દર્શન માટે પહોંચેલા હજારો શ્રદ્ધાળુઓને કલાકો અને ઘણા દિવસ સુધી રાહ જોવી પડે છે. પવિત્ર ગુફાની આસપાસ પુરતી સુવિધા નહીં હોવાની બાબત પણ જાણવા મળી છે. બીજી બાજુ વિશ્વ હિન્દુ પરિષદે સુપ્રિમ કોર્ટની આ પહેલનું સ્વાગત કર્યુ છે. અમરનાથ ગુફાના યાત્રા માર્ગમાં જરૂરી સુવિધા નહીં મળતા ખતરો રહે છે. અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધીરહી છે પરંતુ શ્રદ્ધાળુઓના મોતનો આંકડો સતત વધી રહ્યો છે. અમરનાથ યાત્રા બીજી ઓગસ્ટના દિવસે રક્ષાબંધનના દિવસે પૂરી થશે. અમરનાથ યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા તમામ પગલા લેવામાં આવ્યા છે.

### શુટર, બોક્સર, તિરંદાજો, કુસ્તીબાજોથી આશા

## લંડનમાં ભારતીય એથલીટોની કસોટી થશે

નવી દિલ્હી, તા. ૧૭

લંડન ઓલિમ્પિકસમાં ભારતીઓની આ વખતે અગ્નિ કસોટી થશે. બેઝિંગમાં ચાર વર્ષ અગાઉ ઓલિમ્પિક્સમાં મળેલા ત્રણ ચંદ્રકો કોઈ ચમત્કાર ન હતો બલ્કે ખેલાડીઓના શ્રેષ્ઠ દેખાવના કારણે મળ્યા હતા તે બાબત સાબિત કરવા ભારતીય એથલીટો આ વખતે પણ સંપૂર્ણ તૈયાર છે. બેઝિંગ ઓલિમ્પિકમાં મળેલા ચંદ્રકો કરતા આ વખતે વધુ ચંદ્રકો મેળવવા માટે ભારતીય ટીમ સખત મહેનત કરી રહી છે. આ વખતે ૮૧ એથલીટોની ટીમ ભાગ લઈ રહી છે. બેઝિંગમાં હિરો પુરવાર થયેલા ત્રણ એથલીટ અને ગોલ્ડ મેડાલીસ્ટ શુટર અભિનવ બિંદ્રા, કુસ્તીમાં સુશીલ કુમાર, બોકિંસગમાં વિજેન્દ્ર સિંહ વધુ સારો દેખાવ કરવા સંપૂર્ણ તૈયાર છે. એક અબજથી વધુની વસ્તી ધરાવતા ભારતમાં રમતગમત પ્રત્યે છેલ્લા થોડાક વર્ષથી ઉત્સાહ વધ્યો છે. જેના પરિણામ સ્વરૂપે હવે જુદી જુદી રમતોમાં ભારતનો ઓલિમ્પિક જેવા સ્તર પર ચંદ્રકો મળવા લાગી ગયા છે. ભારતમાં કેટલા ચંદ્રક આવશે તેને લઈને ચર્ચાનો દોર શરૂ થઈ ચૂક્યો છે.

ઓલિમ્પિક રમતોત્સવની શાનદાર શરૂઆત ૨૭ જુલાઈના દિવસે થઈ રહી છે. અપેક્ષાઓ ખુબજ વધુ છે ખાસ કરીને શુટરો, બોક્સ, તીરંદાજો, બેડમિન્ટન ખેલાડીઓ અને કુસ્તીબાજો પાસેથી વધુ સારા દેખાવની અપેક્ષા છે. ટેનિસ ટીમમાં આ વખતે ભારતીય ટીમ ડાર્ક હોર્સ તરીકે દેખાઈ રહી છે. ૧૧ શુટરો જેમાં સાત પુરૂષો અને ચાર મહિલાઓ ભાગ લઈ રહી છે. અભિનવ બિંદ્રા પણ સારા ફોર્મમાં છે. ઉપરાંત ગગન નારંગ, ટ્રેપ શુટર રંજન સોઢી પણ શ્રેષ્ઠ દેખાવ કરવા માટે તૈયાર છે. વિજેન્દ્રના નેતૃત્વમાં બોક્સરો પણ વધુ સારા દેખાવ કરવા માટે સજ્જ છે. ૫૬ કિલોગ્રામ વર્ગમાં યુવા ખેલાડી શિવ થાપા ક્વોલિફાય થવામાં સફળ થયા હતા. તેની પાસેથી પણ સારા દેખાવની અપેક્ષા છે. પીઢ મેરીકોમના પરિવાર સાથે સંકળાયેલા સભ્યોથી રમતગમત સાથે સંકળાયેલા રમતવીરોની અપેક્ષા વધી ગઈ છે. શિવ થાપા ઉપરાંત બોક્સીંગ ટીમમાં પણ કેટલાક સ્ટાર ખેલાડી છે.

### જરા વિચારો... (પાના નં. ૪ નું ચાલુ)

મા-બાપનું પ્રત્યેક વર્તન બાળકોના ઘડતરમાં પાયાની ઇંટ બને છે. ઘરનાં વ્યવહાર કે વડીલોની માનસિકતાનું બાળકો પોતાની રીતે અર્થઘટન કરે છે અને તે હંમેશાં નકારાત્મક જ હોય છે, તેમાંથી સર્જાય છે દુર્ઘટનાઓ જે સમાજને ક્યારેક હચમચાવી દે છે.

આપણે ધનની પાછળ એટલા દીવાના બન્યા છીએ કે પરિવારમાં સ્મૃધ્ધિ વધે છે અને સંસ્કારિતા ઘટે છે. સમૃધ્ધિ અને સંસ્કારનો સમન્વય થાય તો જ જીવન ધન્ય બને, સમયનો તકાજો છે કે બાળકોને ફક્ત સંપત્તિથી સમૃધ્ધ ન બનાવો તેને જિંદગી સમૃધ્ધ કરવાના પણ પાઠ ભણાવો. વાલીઓ યાદ રાખે કે તેઓ વાતાવરણની મલિતના, ટીવીનું આક્રમણ, મોબાઇલનું વળગણ વિગેરેની અસરનાં રોદણાં ન રૂએ. સમય - સમયનું કામ કરશે જ ફક્ત તમારે ફેશનની ઘેલછા, ડાન્સ પાર્ટીઓ, રેવ પાર્ટીઓ, વિવિધ પ્રકારનાં ડે અને તેની પાછળ ખેલાતાં શતરંજના દાવ સામે તમારે તમારા બાળકોને છત્ર આપવાનું છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનો ભેગ તમારે બાળકોને સમજાવવો પડશે. એમા બળજબરી નહીં ચાલે, કે નહિ ચાલે શંકા-કુશંકાનું વાતાવરણ. તમારે પરિવારમાં પારદર્શકતા લાવવી પડશે. વૈભવની આછક્લાઇથી મોભો વધે એવી તમારી માનસિકતા હોય તો બાળકને આવી માનસિકતાથી દૂર રાખો. ફક્ત તમારી બેજવાબદારી કે પરિવારના પ્રશ્નોમાં સેવાતી ઉદાસીનતા તમારા બાળકને કુમાર્ગે જવા ન પ્રેરે તે જોવાની જવાબદારી ફક્ત તમારી જ છે. એવું ન બને કે એક બાજુ શરણાઇના સુર રેલાતા હોય, તમે સાજન માજનને આવકારતા હોય, સંગીત પાર્ટી લગ્નગીતોની રમઝટ બોલાવતી હોય અને સમાચાર આવે કે તમારી દીકરી તો બ્યુટી પાર્લરમાંથી બારોબાર...

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

વરસાદની એક સ્મૃતિ મારાં મનમાંય આજેય એવી જ છે, જયારે મારાં મોટા ભાઈનું ઈન્ટરવ્યુ હતું અને આગલી રાતે મંડેલો વરસાદ સવાર સુધી ઉવડ્યો નહીં, સ્કૂટર ચલાવવું તો શક્ય જ નહોતું અને બંને ભાઈ સાઈકલ પર સચિવાલય જવાં રવાનાં થયાં. ઘ-૬ નાં સર્કલે એટલાં પાણી ભરાયેલાં કે સાયકલનું માત્ર હેન્ડલ જ બહાર દેખાય... જેમ તેમ અથડાતાં કુટાતાં, ચોમાસામાં પરસેવો પાડતાં સમયથી એકાદ કલાક મોડાં પહોંચ્યાં, પણ વરસાદની મહેરથી જેમ જ નોકરીની મહેર થઈ જતાં એ સાયકલ સવારી યાદગાર બની ગઈ!!

દરેકની જિંદગીમાં વરસાદની સાથે કંઈક ને કંઈક યાદો સમાયેલી જ હોય છે. ચોમાસા આવે છે અને ચાલ્યા જાય છે પણ એનો આનંદ, રોમાંચ યથાવત રહે છે, જો તમને લેતાં આવડે તો... વરસાદમાં ટપકતાં ઘરો, પલળેલો સામાન, સ્કૂલ-ઑફિસની છૂટ્ટી, ગરમ નાસ્તા, વગેરે સ્મૃતિમાં ફરતાં જ રહે છે. કયારેક કૉક ગામમાં તળાવ ફાટે અને ઘરોમાં પાણી ભરાય ત્યારે ઉચાટમાં જીવતાં લોકો અને ઘરવખરીનો સત્યાનાશ પણ નોંતરતો હોય છે અને છતાંય વરસાદ એ દિલથી જીવતાં લોકો માટે હંમેશાં પ્રેમથી ભીંજાતા જેવાં ઝમકદાર જ હોય છે!!

**ચૂંટલો :**

ધોધમાર પડેલાં વરસાદ બાદ જયારે હલકો ઉઘાડ નીકળે ત્યારે આકાશમાં ઈન્દ્રધનુષ દેખાય છે, ઈન્દ્રધનુષ એ દરેક પાસાનાં યુનિટોની નિશાની છે, શરત માત્ર વરસાદમાં ભીંજાઈને આકાશ તરફ જોવાની છે.

## ફંડ દુરૂપયોગ પ્રકરણમાં કિરણ બેદીને ક્લીન ચીટ

નવી દિલ્હી,તા. ૧૭

ટીમ અણ્ણાના મહત્વપૂર્ણ સભ્ય અને ભુતપૂર્વ આઈપીએસ ઓફિસર કિરણ બેદી સામે ફંડના ઉચાપત સાથે સંબંધિત કેસમાં તેમને હવે રાહત મળે તેવી શક્યતા છે. ફંડના દુરૂપયોગના કેસમાં કિરણ બેદીને ક્લીન ચીટ આપી દેવામાં આવી છે. દિલ્હી પોલીસે કેસ દાખલ કર્યાના આઠ મહિના બાદ ક્રાઈમબ્રાન્ચને કિરણ બેદી દ્વારા નાણાના ઉચાપતના કોઈપણ પુરાવા મળ્યા નથી. ક્રાઈમબ્રાન્ચમાં સુત્રોએ કહ્યું છે કે ટૂંક સમયમાં આ કેસમાં ક્લોઝર રિપોર્ટ રજુ કરવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે તેમના એનજીઓને માઈક્રોસોફ્ટ દ્વારા આપવામાં આવેલા ૫૦ લાખ રૂપિયાના દાન સાથે સંબંધિત તમામ દસ્તાવેજોની ચકાસણી કરી લેવામાં આવી છે. આ નાણા દાનના ભાગરૂપે હતા અને કિરણ બેદીએ નાણાની ઉચાપત અંગત હેતુ માટે કરી હોવાના કોઈ પુરાવા હાથ લાગ્યા નથી. દિલ્હી પોલીસે દિલ્હી સ્થિતિ એક વકીલ દેવિન્દ્રસિંહ ચૌહાણની ફરિયાદના આધાર ઉપર કોર્ટના આદેશ બાદ બેદી સામે કેસ દાખલ કર્યો હતો. બેદી સામે જુદી જુદી કલમ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

## દિગ્વિજય પાસેથી ઉ.પ્ર. આસામનો હવાલો પરત

નવી દિલ્હી, તા.૧૭

પોતાના નિવેદનથી વારંવાર પક્ષને મુશ્કેલીમાં મૂકનાર દિગ્વિજયસિંહ પાસેથી ઉત્તરપ્રદેશ અને આસામનો હવાલો કોંગ્રેસે પરત ખેંચી લીધો હતો. ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન બાદ સિંહ પર પક્ષની તલવાર લટકી રહી હતી. પક્ષના વરિષ્ઠ નેતા બી. કે. હરિપ્રસાદને ઉત્તરપ્રદેશનો હવાલો સોંપવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ મહાસચિવ રાહુલ ગાંધી પર દિગ્વિજયસિંહની તાજેતરની ટિપ્પણી સંદર્ભે આ કાર્યવાહી કરવામાં આવી છે. એક ઈન્ટરવ્યુમાં દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, સપ્ટેમ્બરમાં રાહુલ ગાંધી મોટી જવાદારી નિભાવશે. દિગ્વિજયસિંહને રાહુલ ગાંધીને એકદમ નજીકના ગણવામાં આવે છે. પરંતુ પક્ષે આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ પગલું ઉઠાવ્યું છે.

## અપ્રમાણ સંપત્તિ કેસમાં જયાની અરજી ફગાવાઈ

ચેન્નાઈ, તા.૧૭

ચેન્નાઈની ખાસ અદાલતે અપ્રમાણસર સંપત્તિ કેસમાં તમિળનાડુનાં મુખ્યમંત્રી જયલલિતા અને અન્ય આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને આજે ફગાવી દીધી હતી. જયલલિતાએ આ કેસને કર્ણાટક હાઈકોર્ટમાં ખસેડી લેવાની રજૂઆત કરી હતી. ખાસ અદાલતનાં જજની નિમણૂંકની પ્રક્રિયાને પડકાર ફેંકીને અરજી દાખલ કરવામાં આવી હતી. તેમની અરજીમાં આરોપીઓએ કહ્યું હતું કે, જયલલિતા અને અન્યો સામે અપ્રમાણસર સંપત્તિ કેસ માટે એડિશનલ સિટી સિવિલ અને ખાસ અદાલતનાં જજની નિમણૂંકની પ્રક્રિયા પ્રશ્નો ઉપજાવે છે. જયલલિતાએ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીડરની કલમ ૩૯૫(૨) હેઠળ હાઈકોર્ટમાં અરજીઓને ટ્રાન્સફર કરવાની રજૂઆત કરી હતી. આમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, વર્ષ ૨૦૦૯માં કરવામાં આવેલી એડીશનલ સિટી સિવિલ અને સેશન કોર્ટનાં વર્તમાન જજ મલ્લિકાર્જુનનૈયાની નિમણૂંક ગેઝેટ નોટિફિકેશન જારી કર્યા વગર કરવામાં આવી હતી. આજની રજૂઆત ધારદાર રહી હોવા છતાં જયલલિતાની અરજીને કોર્ટે ફગાવી દીધી હતી. અરજીદારો અને પ્રોસીક્યુશનની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આ મામલાની સુનાવણી મૌકુફ કરી દીધી હતી. જયલલિતા ઘણાં કેસોમાં તપાસનો સામનો કરી રહ્યાં છે, જેમાં આવકનાં જાણીતાં સાધનોની સામે અપ્રમાણસર સંપત્તિ કેસનો પણ સમાવેશ થાય છે.

## ગ્રામિણ વીજળીકરણ માટે ૫૦,૦૦૦ કરોડની માંગ

નવીદિલ્હી, તા.૧૭

ઉર્જાપ્રધાન સુશીલકુમાર શિંદેએ સરકારની ફ્લેગશીપ ગ્રામિણ વીજળીકરણ યોજના માટે ૫૦૦૦૦ કરોડની વધારાની રકમ આપવા આયોજન પંચને અપીલ કરી હતી. રાજ્યનાં ઉર્જાપ્રધાનોની મિટિંગમાં શિંદેએ કહ્યુંહતુંકે, રાજીવ ગાંધી ગ્રામિણ વિદ્યુતીકરણ યોજના માટે આગામી પાંચ વર્ષમાં ૫૦૦૦૦ કરોડ વધારાની રકમની જરૂર છે. પાંચ વર્ષમાં આ રકમ વિભાજીત કરી દેવામાં આવી છે. સુશીલકુમાર શિંદેએ આ અંગે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમણે કહ્યુંહતુંકે, આ સ્કીમ માટે ૧૧મી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨)નાં ગાળા દરમિયાન ૨૮૦૦૦ કરોડ રૂપિયાની મૂડી સબસિડી મંજુર કરવામાં આવી હતી. રાજીવ ગાંધી ગ્રામિણ વિદ્યુતીકરણની યોજનાનો મુખ્ય હેતુ તમામ ગામો અને લોકોને વીજળી ઉપલબ્ધ કરાવવાનો છે. ગ્રામિણ લોકોને વીજળી પુરવઠો આપવા તમામ પગલા લેવામાં આવી રહ્યાં છે. મફત ચાર્જમાં ગરીબી રેખા નીચે રહેતાં લોકોને વીજળી કનેક્શન આપવામાં આવી રહ્યાં છે. શિંદેએ કહ્યું હતું કે, એવા ૭૦૦૦ ગામો છે જે ગામોમાં તાત્કાલિક ધોરણે પગલાં લેવાની જરૂર છે.

આ ગામો મોટાભાગે ઝારખંડ, ઓરિસ્સા, બિહાર, અરૂણાચલ પ્રદેશ, આસામ, છત્તીસગઢ અને મેઘાલયમાં આવેલાં છે. શિંદેએ કહ્યું હતું કે, ૮૮૦૦૦ મેગાવૉટનાં ટાર્ગેટને પહોંચી વળવા અમને ફ્યુઅલ ઉપલબ્ધતાનાં મુદ્દાને વધુ વ્યવસ્થિત રીતે હાથ ધરવો પડશે. વર્તમાન યોજના (૨૦૧૨-૧૭) દરમિયાન પરમાણુ ઉર્જામાંથી ૫૩૦૦ મેગાવૉટને ઉમેરી ૮૮૦૦૦ મેગાવૉટનાં ટાર્ગેટને હાંસલ કરવા પગલાં લેવામાં આવી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, નવા પાવર સ્ટેશન સ્થાપિત કરવા માટે અપૂરતી જમીનનાં મુદ્દાને હાથ ધરવામાં આવશે. જો રાજ્ય સરકારો જમીન પ્રાપ્તિનો માર્ગ મોકળો કરવા અને જમીન ઓળખી કાઢવામાં મદદરૂપ બનશે તો વધુ પ્રોજેક્ટોને ઝડપથી આગળ વધારી શકાશે. શિંદેએ કહ્યું હતું કે, ૧૨મી યોજનાનાં ગાળામાં મુખ્ય ધ્યાન સ્થાનિક કોલસા ઉત્પાદનને વધારવા ઉપર કેન્દ્રિત કરાશે. પ્રધાને એમપણ કહ્યું હતું કે, ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા તરફ પણ ધ્યાન અપાઈ રહ્યું છે. ડિસ્ટીબ્યુશન કંપનીઓની આરોગ્યની સ્થિતિ ચિંતાજનક બનેલી છે. સુશીલકુમાર શિંદેએ રાજ્યનાં ઉર્જાપ્રધાનો સાથેની વાતચીતમાં ઘણાં મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે એમપણ કહ્યુંહતુંકે, સ્કીમ માટે ૧૧મી યોજના દરમિયાન પણ જંગી રકમ મંજુર થઈ હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૫૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT
KisaN
VINAYAK500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ